# રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે ગામ ગોત્રીમાં "THE HAMPTONS" નામથી રેસીડેન્શીયલ સ્કીમનું આયોજન કરેલ છે તે યોજનામાં આવેલ પ્લોટ નં......... વાળી મિલકતનો <u>વેચાણ દસ્તાવેજ રૂા...................../-અંકે રૂપિયા ......................... પુરાનો:</u>

**આજરોજ વિક્રમ સવંત ૨૦૭૩ ના કારતક વદ ...... ને .........વાર, તારીખ.....૧૧.૨૦૧૬ ના**
**<u>રોજ આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર/વેચાણ રાખનાર/ એકતરફવાળા:</u>**

**શ્રી ..................................................................,** ઉ.વ.આ.........., ધર્મે- ...........,

ધંધો-..........., રહેવાસી, ઠે.........................................................................................

**I.T.P.A.No......................**

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"તમો"** અને/ અથવા વેચાણ દસ્તાવેજ **"લખાવી લેનાર/ વેચાણ રાખનાર / એકતરફવાળા"** એ રીતે સંબોધવામાં આવશે, જે શબ્દના અર્થમાં વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર/એકતરફવાળા પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, નોમીનીઓ, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

**<u>જોગ આ વેચાણ દસ્તાવેજ લખી આપનારા/બીજીતરફવાળાઓ/જમીન માલીકો :</u>**

**"હોમ ડેવલોપર્સ" (HOME DEVELOPERS)** (જેની ઓફીસ ઠે.૧૨, એલેમ્બીક નગર, ગોરવા-રીફાયનરી રોડ, વડોદરા, **I.T.P.A.No. AAJFH3800J**) એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર-**શ્રી ધર્મેશભાઈ મોહનભાઈ પટેલ,** ઉ.વ.૪૮, ધર્મ-હિન્દુ, ધંધો-ખેતી/વેપાર, રહેવાસી, ઠે.૧૨, એલેમ્બીક નગર, ગોરવા-રીફાયનરી રોડ, વડોદરા.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"અમો"** અને /અથવા **"લખી આપનારા / વેચાણ આપનારા/ બીજીતરફવાળાઓ"** એ રીતે સંબોધવામાં આવશે, જે શબ્દના અર્થમાં વેચાણ દસ્તાવેજ લખી આપનારા/વેચાણ આપનારા/બીજીતરફવાળી ભાગીદારી પેઢી જાતે પોતે તથા હાલના તેમજ વખતોવખતના ભાગીદારો તથા તેમના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, નોમીનીઓ, એર્ટર્નીઓ, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

**જોગ આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનાર બીજીતરફવાળાઓ તમો એકતરફવાળાને અમારી રાજીખુશીથી લખી આપીએ છીએ કે :**

શ્રી ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે ગામ **ગોત્રીના રેવન્યુ સર્વે નં.૯૪, ૯૫ પૈકી, સીટી સર્વે નં.૨૫૧૭/અ** વાળી મિલકતમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **ખુલ્લો સબ-પ્લોટ નં.૩, જેના પ્લોટનું ક્ષેત્રફળ ૬૭૨.૦૦ ચો.મી. તથા તેને વરાડે પડતી વણવહેચાયેલી રોડ-રસ્તાની જમીનનું ક્ષેત્રફળ ૬૧.૩૩ ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ ૭૩૩.૩૩ ચો.મી. તથા ખુલ્લો સબ-પ્લોટ નં.૪, જેના પ્લોટનું ક્ષેત્રફળ ૭૪૨.૦૦ ચો.મી. તથા તેને વરાડે પડતી વણવહેચાયેલી રોડ-રસ્તાની જમીનનું ક્ષેત્રફળ ૬૧.૩૩ ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ ૮૦૩.૩૩ ચો.મી.** વાળી મિલકત/જમીન અમો લખી આપનાર બીજીતરફવાળાઓની સંયુકત માલીકી, કબજા, ભોગવટાની આવેલી છે, જેને હવે પછી અહી આ વેચાણ દસ્તાવેજમાં **"સદરહું મિલકત/જમીન"** તરીકે સંબોધવામાં આવશે.

**સદર સબ-પ્લોટ નં.૩** વાળી મિલકત અમો બીજીતરફવાળાઓ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નોંધણી નં.૫૪૮૦, તા.૦૯.૦૬.૨૦૧૬ થી મૃદુલાબેન હર્ષદભાઇ પટેલ, રહેવાસી, ઠે.૧૧, બરોડા પીપલ્સ કો.ઓ.હા.સોસાયટી લી., કુંજ સોસાયટી પાછળ, અલકાપુરી, વડોદરા નાઓ પાસેથી તેઓને વેચાણ અવેજની સંપુર્ણ રકમ ચુકવી માલીકી દરજજે વેચાણ રાખેલ છે. સદર વેચાણ દસ્તાવેજ આધારે સદરહું મિલકતના સીટી સર્વે રેકર્ડમાં અમો બીજીતરફવાળાઓ-પેઢીનું નામ ફેરફાર નોંધ નં.૧૬૭૬૪, તા.૨૯.૦૭.૨૦૧૬ થી દાખલ થયેલ છે અને સદર નોંધ તા.૨૭.૦૯.૨૦૧૬ ના રોજ સીટી સર્વે સુપ્રી-૨ દ્રારા પ્રમાણિત થયેલ છે.

**સદર સબ-પ્લોટ નં.૪** વાળી મિલકત અમો બીજીતરફવાળાઓ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નોંધણી નં.૫૪૮૨, તા.૦૯.૦૬.૨૦૧૬ થી શ્રી રામનારાયણ પ્રભુદાસ પટેલ, રહેવાસી, ઠે.શેખ વાડી, મુ.પો.અંકોડીયા, જી.વડોદરા નાઓ પાસેથી તેઓને વેચાણ અવેજની સંપુર્ણ રકમ ચુકવી માલીકી દરજજે વેચાણ રાખેલ છે. સદર વેચાણ દસ્તાવેજ આધારે સદરહું મિલકતના સીટી સર્વે રેકર્ડમાં અમો બીજીતરફવાળાઓ-પેઢીનું નામ ફેરફાર નોંધ નં.૧૬૭૬૫, તા.૨૯.૦૭.૨૦૧૬ થી દાખલ થયેલ છે અને સદર નોંધ તા.૨૭.૦૯.૨૦૧૬ ના રોજ સીટી સર્વે સુપ્રી-૨ દ્રારા પ્રમાણિત થયેલ છે. આમ અમો લખી આપનાર બીજીતરફવાળાઓ **સદર પ્લોટ નં.૩ તથા પ્લોટ નં.૪** વાળી **"સદરહું મિલકત/જમીન"** ના કાયદેસરના સંયુકત માલિકો, કબજેદારો, ભોગવટેદારો બનેલા છે અને સદરહું જમીન અમો બીજીતરફવાળાઓને ડેવલોપ કરવાનો તથા તેમાં બાંધકામ કરવાનો અને તેમાં કરવામાં આવેલ બાંધકામનો વેચાણ, વ્યવહાર કરવાનો સંપૂર્ણ હકક, અધિકાર છે.

સદરહું જમીનનો બિન-ખેતીમાં વાપર, ઉપયોગ કરવાની પરવાનગી મે. વડોદરા કલેકટરશ્રી સાહેબના હુકમ ક્રમાંક નં.એન.એ./એસ.આર./૧૦૯/૯૧-૯૨, નં.લેન્ડ/ડી/વશી/૯૨૬ થી ૯૩૩/૯૨, તા.૦૭/૧૨ .૦૨.૧૯૯૨ થી આપેલ છે.

**"સદરહું મિલકત/ જમીન"** માં બાંધકામ કરવા માટે વડોદરા મહાનગર પાલિકામાં લે-આઉટ પ્લાન રજુ કરીને, વડોદરા મહાનગર પાલિકા પાસેથી ધારા-ધોરણસર રજાચિઠ્ઠી નં.વોર્ડ/એલ-૧૦૫/૨૦૧૬-૨૦૧૭, તા.૨૫.૧૦.૨૦૧૬ થી મેળવીને તેમાં રહેણાંક હેતુના પ્લોટો પાડી રો-ટાઈપ ડુપ્લેક્ષ-૧ થી ૧૦, કુલ ૧૦ યુનિટ, જેમાં ગ્રાઉન્ડ ફ્લોર (પાર્કીંગ+સર્વન્ટ રૂમ) + ફર્સ્ટ ફલોર + સેકન્ડ ફ્લોર + ધ.ફ. (પાર્ટ) રહેણાંક હેતુનું બાંધકામ કરવાનું આયોજન કરેલ છે, જે યોજનાનું નામ **"THE HAMPTONS"** રાખવામાં આવેલ છે.

સદર **"THE HAMPTONS"** એ નામની યોજના પૈકી **ખુલ્લો પ્લોટ નં............** (જેની વિશેષ વિગત હવે પછી અહી મિલકતના પરિશિષ્ટમાં દર્શાવેલ છે, જેને હવે પછી અહી આ વેચાણ દસ્તાવેજમાં "**સદરહું મિલકત**" તરીકે સંબોધવામાં આવેલ છે) વાળી મિલકત તમો એકતરફવાળાએ વેચાણ રાખવા માંગણી કરતા અમો લખી આપનાર બીજીતરફવાળાઓએ વેચાણ આપવા ઈચ્છા, રાજી-ખુશી દર્શાવતા તમો એકતરફવાળાને **રૂા............................/-અંકે રૂપિયા ..............................પુરામાં** વેચાણ આપેલ છે, જેના વેચાણ અવેજની રકમ **રૂા....................................../-અંકે રૂપિયા ..................................................પુરા** તમો એકતરફવાળા તરફથી અમો લખી આપનાર બીજીતરફવાળાને નીચેની વિગતે મળી ગયેલ છે, જે વેચાણ અવેજની રકમ મળ્યાની અમો લખી આપનાર બીજીતરફવાળાઓએ આ સ્વીકૃતિ પહોંચ તમો એકતરફવાળાને લખી આપીએ છીએ.

**: વેચાણ અવેજની સંપુર્ણ રકમ મળ્યાની વિગત :**

| | |
|---|---|
| | |
| | |
| | |

ઉપરોકત વિગતે સદરહું મિલકતના વેચાણ અવેજની સંપૂર્ણ રકમ અમો લખી આપનારા તમો એકતરફવાળા તરફથી મળી જતા તેના બદલામાં અમારી **"સદરહું મિલકત"** (જેની વિશેષ વિગત પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ) વાળી મિલકત માલીકી સાથે કાયમ માટે વેચાણ લખી આપી તમો

એકતરફવાળાને તેના સ્વતંત્ર માલીક, હકકદાર, કબજેદાર બનાવેલ છે અને સદરહું મિલકતનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો તમો એકતરફવાળાને સોંપી આપેલ છે, જે સદરહું મિલકતનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો તમો એકતરફવાળાએ સંભાળી લીધેલ છે.

તમો લખાવી લેનાર એકતરફવાળાને વેચાણ આપેલ સદરહું મિલકત અમો બીજીતરફવાળાઓની સંયુકત માલીકી, કબજા, ભોગવટાની છે, જેમા અમારા સિવાય બીજા કોઈપણ ત્રાહીત વ્યકિત કે અન્ય કોઈપણનો લાગ, ભાગ, હકક, હીત, હિસ્સો, સંબધ કે દર-દાવો નથી તેમજ અમોએ અન્ય કોઈને ગીરો, બક્ષીસ, બાનાખત, વેચાણ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરેલ નથી તેમજ કોઈપણ બેંકનું, સંસ્થાનું, સહકારી મંડળીનું, સરકારી, અર્ધ-સરકારી કચેરીનું વ્યકિતગત વિગેરે કોઈપણ જાતના કર, બોજો કે લીયન નથી કે મોર્ગેજ કરેલ નથી અને સદરહું મિલકત સંપુર્ણ બોજા મુકત તથા કલીયર માર્કેટેબલ ટાઈટલ વાળી છે તેમજ સદર મિલકત અંગે કોઈપણ કોર્ટમાં કોઈપણ પ્રકારની કાનુની કાર્યવાહી ચાલતી નથી કે જપ્તીમાં નથી તેવો પાકો ભરોસો અને વિશ્વાસ લખી આપી તમો લખી લેનાર એકતરફવાળાને હંમેશ માટે વેચાણ આપી માલીકી દરજજે ટ્રાન્સફર કરી આપેલ છે, જે તમો લખી લેનાર એકતરફવાળા, તમારા વંશ, વાલી, વારસો, વિગેરે યાવતચંદ્ર દિવાકરો સુખથી ભોગવજો, વસજો, વસાવજો તથા ઉપયોગ, ઉપભોગ, ભોગવટો નિકાલ, ગીરો, બક્ષીસ, વેચાણ કે મન ચાહે તે રીતે ટ્રાન્સફર કરવા / કરાવવા માલીક થયા છો. જેથી સદરહું તમો એકતરફવાળાને વેચાણ આપેલ મિલકતમાં અમો બીજીતરફવાળાઓનો કે અમારા વંશ, વાલી, વારસો, એર્ટનીઓનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો માલિકી રહ્યા નથી.

તમો લખી લેનાર એકતરફવાળાને વેચાણ આપેલ **"સદરહુ મિલકત"** ના આજદિન સુધીના તમામ પ્રકારના સરકારી, અર્ધ-સરકારી કચેરી, મ્યુનિસિપલ કોર્પોરેશન, તલાટી કચેરી, રેવન્યુ ટેક્ષ વિગેરે તથા અન્ય ચુકવણાઓ અમો લખી આપનારએ ભરપાઈ કરી આપેલ છે. આમ છતાં ભવિષ્યમાં કોઈ કર, વેરા, ચુકવણા વિગેરે આજની તારીખ સુધીના ભરવાના, ચુકવવાના નીકળે તો અમો લખી આપનારએ ભરપાઈ કરી આપવાના છે તથા આ વેચાણ દસ્તાવેજ તમો એકતરફવાળાના નામે રજીસ્ટર્ડ થયા બાદ તેવા તમામ વેરાઓ તમો એકતરફવાળાએ ભરવાના રહેશે.

**: વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ મિલકતનું વર્ણન/પરિશિષ્ટ:**

શ્રી ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે ગામ **ગોત્રીના રેવન્યુ સર્વે નં.૯૪, ૯૫ પૈકી, સીટી સર્વે નં.૨૫૧૭/અ** વાળી મિલકતમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **ખુલ્લો સબ-પ્લોટ નં.૩, જેના પ્લોટનું ક્ષેત્રફળ ૬૭૨.૦૦ ચો.મી. તથા તેને વરાડે પડતી વણવહેચાયેલી રોડ-રસ્તાની જમીનનું ક્ષેત્રફળ ૬૧.૩૩ ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ**

**૭૩૩.૩૩ ચો.મી. તથા ખુલ્લો સબ-પ્લોટ નં.૪, જેના પ્લોટનું ક્ષેત્રફળ ૭૪૨.૦૦ ચો.મી. તથા તેને વરાડે પડતી વણવહેચાયેલી રોડ-રસ્તાની જમીનનું ક્ષેત્રફળ ૬૧.૩૩ ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ ૮૦૩.૩૩ ચો.મી.** વાળી મિલકત/જમીનમાં આયોજીત **"THE HAMPTONS"** એ નામની યોજના પૈકી **પ્લોટ નં..........., જેના પ્લોટનું ક્ષેત્રફળ .............. ચો.મી. (જેના ...........ચો.ફુટ)** તથા તેને વરાડે પડતી જમીનનું ક્ષેત્રફળ ........... ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ ............. ચો.મી. **વાળી મિલકત.** સદરહું મિલકતની ચર્તુઃસીમા નીચે મુજબ છે.

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

ઉપરના વર્ણન વાળી મિલકત તેને લાગતા વળગતા તમામ પ્રકારના હકકો સાથે તથા તેમાં જવા-આવવાના રસ્તાના તથા પાણીના નિકાલના સર્વે પ્રકારના હકકો સાથે તથા તમો એકતરફવાળા ઇચ્છો તેવી રીતે બાંધકામ કરવા, કરાવવાના હકકો સહીત તથા તેમાં જરૂરી તમામ પ્રકારના જોડાણો મેળવવાના હકકો સાથે તથા તેની રીધ્ધી-સિધ્ધી સાથેની તથા અષ્ટમાં નવેનીધ જે પ્રગટ થાય તે લેવાના તમામ પ્રકારના હકકો સાથે, અસલ હદ મુજબની આકાશથી પાતાળ સુધીના હકકો સાથે, યાવતચંદ્ર દિવાકરો કુલ અભરામના દાવે અઘાટ તમો એકતરફવાળાને વેચાણ આપેલ છે.

આ વેચાણ દસ્તાવેજ આધારે સદરહું મિલકતનો માલીકી હકકે વાપર, ઉપયોગ, ઉપભોગ કરવા તથા તે ગીરો, વેચાણ, બક્ષીસ કરવા, ભાડે વિગેરે કોઇપણ રીતે તબદીલ/ટ્રાન્સફર કરવા તથા તમો તેમાં નવીન ઇમલો, ઇમારતનું બાંધકામ કરવા, જરૂરી લાઇટ કનેકશન, ડ્રેનેજ કનેકશન, ગેસ જોડાણો, ટેલીફોન જોડાણો, ઇન્ટરનેટ કનેકશન વિગેરે જરુરી તમામ કનેકશનો મેળવવા તમો લખાવી લેનાર એકતરફવાળા તથા તમારા વંશ, વાલી, વારસો, સર્વે સ્વતંત્ર માલીક થયા છો.

સદર **"THE HAMPTONS"** વાળી મિલકતના તમામ સભાસદો/માલીકો ભેગા મળીને સદર યોજનાના વહીવટ તથા વ્યવસ્થા-મેઇન્ટેનન્સ માટે જે કોઇ એસોસીએશન/ સોસાયટી અથવા મંડળ વિગેરેનું આયોજન કરી સ્થાપના કરે તો તેમાં તમો એકતરફવાળાએ ફરજીયાત સભાસદ થવાનું છે જે અંગેની પ્રવેશ ફી, સભ્ય ફી, વાર્ષિક ફી કે લાગત, ડીપોઝીટ દરેક મેમ્બરે તેની

માલિકીની મિલકતના એરીયા મુજબ તથા ઉચ્ચક ભરવાની જે રકમ એસોસીએશન/સોસાયટીમાં નકકી થાય તે રકમ તમો એકતરફવાળાએ ફરજીયાત એસોસીએશન/સોસાયટીમાં જમા કરી આપવાની રહેશે.

સદરહું **"THE HAMPTONS"** વાળી યોજનામાં થનાર કોમન પ્લોટ, કલબ હાઉસ, સ્વીમીંગ પુલ, કોમન ગાર્ડન, કોમન મેઇન ગેટ, કોમન રોડ-રસ્તા વિગેરે અન્ય સામુહીક વપરાશની સુવિધાઓ (એમીનીટીઝ) તમો એકતરફવાળાએ તથા યોજનાના અન્ય સભાસદો/માલિકોની સામુહીક અને વણ-વહેચાયેલી રહેશે અને સદર તમામ સામુહીક સુવિધાનો ઉપયોગ, ઉપભોગ તથા તેનો રીપેરીંગ સમારકામ, મેઇનટેન્સ વિગેરે તમામ ખર્ચ તમામ સભાસદો/માલિકોએ સંપ-સહકારથી મજીયારો ભેગા મળીને કરવાનો છે તથા તેના માટે થતા રેગ્યુલર મેઇન્ટેનન્સનો જે કાઇ ખર્ચ આવે/થાય તે તમામ ખર્ચ/રકમ/પૈકી તમો એકતરફવાળાએ તમારી મિલકતના ક્ષેત્રફળના હિસાબે વરાડે પડતા સોસાયટી નકકી કરે તે મુજબ રકમ ફરજીયાત પણે ડીપોઝીટ કરવાના તેમજ વિશેષ ખર્ચ માટે ભોગવવાના રહેશે.

તમો એકતરફવાળાને ખુલ્લો પ્લોટ વેચાણ આપેલ છે, જે પ્લોટ ઉપર બાધકામ તમારા સ્વ-ખર્ચે તમો એકતરફવાળાએ કરવવાનું રહેશે, તેવી સ્પષ્ટ સમજુતી સાથે સદરહું મિલકત તમો એકતરફવાળાને વેચાણ આપેલ છે.

સદર યોજનાનો જે નકશો મંજુર કરેલો છે, તેના એલીવેશનમાં કોઇપણ સુધારો-વધારો કે ફેરફાર કરવાનો નથી.

અમો વેચાણ આપનાર જે તે પ્રમાણે વેચાણ કરીએ તે રીતે તેનો વાપર, ઉપયોગ કરવાનો છે. તેમાં બીજા કોઇ સભ્યોએ વાંધો લેવાનો નથી કે તકરાર કરવાની નથી.

તમો એકતરફવાળાને વેચાણ આપેલી મિલકતની આજુબાજુમાં ગંદકી થાય કે કોઇને અડચણરૂપ થાય તેવુ કોઇ કૃત્ય તમોએ કરવાનું નથી. તમોને વેચાણ આપેલ મિલકતમાં સરકારી કાયદા વિરૂધ્ધ કોઇ માલસામાન રાખવાનો નથી કે તેવો કોઇ ધંધો કરવાનો નથી તથા સળગી ઉઠે તેવો કોઇ સ્ફોટક પદાર્થ રાખવાનો નથી.

સદર **"THE HAMPTONS"** માં સિકયુરીટી અંગે કોઇ સિકયુરીટી ગાર્ડ રાખવામાં આવે તેનો પગાર વિગેરેનો ખર્ચ બધાએ વરાડે પડતો આપવાનો છે તે પ્રમાણે તમારે પણ વરાડે પડતો આપવાનો રહેશે.

આ યોજનાનું નામ **"THE HAMPTONS"** રાખેલ છે તે કાયમ રાખવાનુ છે, તેમાં કોઇફેર બદલ કરવાનો નથી.

**"સદરહુ મિલકત"** આ વેચાણ દસ્તાવેજ આધારે તમો એકતરફવાળા તમારા નામ જોગ સરકારી, અર્ધ-સરકારી કચેરી, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, એમ.જી.વી.સી.એલ., સીટી સર્વે કચેરી વિગેરેમાં તમારા નામ જોગ ટ્રાન્સફર કરાવી લેશો તે અમોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. આ કામે જયાં જયાં સહી, સંમતી, કબુલાતની જરૂર હોય તે અમો લખી આપનારએ રૂબરૂ જાતે હાજર રહી કરી આપવાની છે, જેની અમો લખી આપનાર ખાત્રી, ભરોસો, વિશ્વાસ લખી આપીએ છીએ.

સદર **"THE HAMPTONS"** એ નામની યોજનામાં થનાર કોમન રસ્તા, સ્ટ્રીટ લાઇટ, સુરક્ષા ખર્ચ વિગેરે તેમજ સામુહીક વપરાશની તમામ ચીજ-વસ્તુઓનો વાપર, ઉપયોગ તમામ સભાસદોએ વ્યવસ્થિત રીતે સહીયારો રીતે કરવાનો છે તેમજ તેનો નિભાવણી, મરામત નવીન લાવવા અંગેનો ખર્ચ વિગેરે તમામ સભાસદોએ વરાડે પડતો ભાગે પડતા હિસ્સા મુજબ ભોગવવાનો રહેશે.

તમો એકતરફવાળાને વેચાણ આપેલ પ્લોટનું માપ, તેનું ટાઇટલ તથા તે અંગેના તમામ કાગળો, દસ્તાવેજો તમો એકતરફવાળાએ જોઇ, તપાસી લીધેલ છે, જેથી ભવિષ્યમાં કોઇપણ પ્રકારનો વાંધો, વિરોધ, તકરાર કરવાની રહેશે નહી, તેવી સ્પષ્ટતા સાથે આ કરાર કરેલ છે.

આ વેચાણ દસ્તાવેજની વકીલ ફી, સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી વિગેરે તમો લખી લેનાર એકતરફવાળાએ ચુકવેલ છે તથા ભવિષ્યમાં કોઇપણ પ્રકારની વધારની ફી, સ્ટેમ્પ ડયુટી ભરવાની આવશે તો તે પણ અમો એકતરફવાળાએ ભરવાની રહેશે.

ઉપરોકત પરીશીષ્ટ વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારાએ તમો લખી લેનાર એકતરફવાળા પાસેથી ઉપર મુજબનો વેચાણ અવેજ સ્વીકારીને અમારી રાજીખુશીથી, સ્વેચ્છાએ

વાંચી, વંચાવી, સમજી, વિચારી, વાકેફ થઇને અકકલ હોંશીયારીથી બિનકેફ હાલતમાં, કોઇના કોઇપણ જાતના દાબ દબાણ કે ધાક ધમકી વગર સાક્ષીઓની રૂબરૂમાં લખી આપેલો છે, જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો સર્વેને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

તા.    .૧૧.૨૦૧૬,

સ્થળ : પાદરા.

અત્રે ................................ મતુ   અત્રે ............................. શાખ

<u>જોગ આ વેચાણ દસ્તાવેજ લખી આપનારા/</u>
<u>બીજીતરફવાળાઓ/જમીન માલીકો :</u>

**"હોમ ડેવલોપર્સ" એ નામની ભાગીદારી** ૧. .........................
**પેઢીના વહીવટકર્તા ભાગીદાર-**
**શ્રી ધર્મેશભાઇ મોહનભાઇ પટેલ** ૨. .........................

**.............................................**
**(શ્રી ધર્મેશભાઇ મોહનભાઇ પટેલ)**

**<u>: વેચાણ આપેલ મિલકતનો ફોટો:</u>**

**<u>વેચાણ આપેલ મિલકતનું પોષ્ટલ સરનામુ:</u>**

**પ્લોટ નં..............., "THE HAMPTONS", ઝેડેક્ષ હાઉસ પાછળ, ગ્રાસ ફીલ્ડ બંગ્લોઝ પાસે, સરદાર પટેલ રોડ, ન્યુ અલકાપુરી, ગોત્રી-સેવાસી રોડ, વડોદરા.**

**<u>વેચાણ આપનારાની સહી:</u>**  **<u>વેચાણ રાખનારની સહી:</u>**

# રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ ની કલમ ૩૨(એ) મુજબનું શીડયુલ

| નામ તથા સહી | ફોટો | ડાબા હાથના અંગુંઠાનું નિશાન |
|---|---|---|
| જોગ આ વેચાણ દસ્તાવેજ લખી આપનારા/ બીજીતરફવાળાઓ/જમીન માલીકો :<br>"હોમ ડેવલોપર્સ" એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર- શ્રી ધર્મેશભાઇ મોહનભાઇ પટેલ<br><br>..........................................<br>(શ્રી ધર્મેશભાઇ મોહનભાઇ પટેલ) | | |
| લખાવી લેનાર / વેચાણ રાખનાર/એકતરફવાળા :<br><br>...................................... | | |